**ફોજદારી કેસ નં.: 107126 / 18**

**પેરા–૬:–**

**(૧)** આ કામનાં આરોપી સામે ઈ.પી.કો. કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ:૧૩૫(૧) મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગનાંછે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતાં તેમજ ***રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪*** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ ***ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર*** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**–: હુ ક મ :–**

૧. આ કામનાં દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ ૧૮૮તથા જી.પી.એક્ટની કલમ:૧૩૫(૧) નાં ગુના માટે તકસીરવાર ઠરાવી, આરોપીને રૂપીયા.૧૦૦/– (અંકે રૂપિયા સો પૂરા) નો દંડ તથા દંડ ના ભરે તો દિન–૧૦ (દશ) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૮ મી માહે ૧૨ સને ૨૦૧૮ નાં રોજ, મારી સહી તથા આ અદાલતનો સિકકો કરીને, ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૮ / ૧૨ / ૨૦૧૮**

**મુકામ : અમદાવાદ.**

**( એન.પી.રાડીયા)**
**એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૨૩, અમદાવાદ.**
**(GJ00621)**